

# બાવન-બ્હારાની ચોરાશી

## પ્રેમસ્મરણ



- ધીરુભાઈ જોષી

પુસ્તક નું મૂલ્ય
ગુરુ ભક્તિ
ૐ પ્રેમ



પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ

પ્રેમ કુટિર
તા. બોરસદ
કોડ-388620

॥ શ્રી રંગઃ પ્રસન્નોઽસ્તુ ॥



॥ પરસ્પરદેવો ભવ ॥

# બાવન-બ્હારાની ચોરાશી

(પ્રેમસ્મરણ)

(દોહરા)

વંદું ગણપતિ શારદા ગુરુવર રંગ સ્વરૂપ;
યદ્ આશિષ મળતાં થતાં બધાં કાર્ય અનુપ ! ૧

રંગ રંગ રટતાં થયા બચુભાઈ રંગરત;
લોકો નામે ઓળખે આજ પ્રેમ અવધૂત ! ૨

રંગરૂપ પોતે છતાં રહ્યા સ્વયં બચુભાઈ;
રંગકાર્ય સઘળાં કર્યાં રંગ-ચરણ યશ દઈ ! ૩

અધિકારી જીવ રંગનો, દેતો હૃદય-આશિષ;
'બાપજી રાખે લાજ મમ', વદે નમાવી શીર્ષ ! ૪

સૌનાં ચિત્ત એ જાણતો, આપે ઉત્તર તૂર્ત;
અલિપ્ત ભાવે એ રહે, રંગગુરુનો દૂત ! ૫

યૌવનના આરંભમાં, ત્યાગ્યાં ચંપલબૂટ;
ચલચિત્ર જોવાં નહીં, નિયમ એહ અતૂટ ! ૬

ગીતા જ્ઞાનેશ્વરી ને ધાર્મિક ગ્રંથ-વાચન;
પુરશ્ચરણ ગાયત્રીનાં કરતા કડક સાધન ! ૭

આંખથી આંખ મેળવી, કરે નયન-દર્શન;
આંખો વાટે ઉતરી, મેળવે રંગશરણ ! ૮

રંગ રંગ રગમાં વસ્યો પ્રેમ રંગરૂપ થાય;
વરસી રંગહૃદય-કૃપા રંગ પ્રેમ થઈ જાય ! ૯

રંગને ક્યારેય ના, અળગો કીધો માન;
રંગ લગાડ્યો રંગનો, પ્રેમપાશ દૈ જાણ. ૧૦

વૃક્ષતણી મૂળી વધે બધે માર્ગ કરે નિજ;
ધીરે ધીરે એમણે પ્રેર્યા જન કરી નિજ ! ૧૧

માતપિતાની સ્મૃતિમહીં વૃક્ષો રોપ્યાં જાણ;
પૂજે એને નિત્ય એ, પામે કુળકલ્યાણ ! ૧૨

વાણી એકદમ સ્પષ્ટ છે સોંસરાં ઉતરે વેણ;
સ્વભાવ જળ સમ જેહનો, સ્વચ્છ મધુરું વ્હેણ ૧૩

દુખી ધીરજ પામીયા, સુખી શાંતવન જાણ;
મુંઝાતા સૌ માનવી, પામે પંથ પ્રમાણ. ૧૪

લીધું એણે નવ કંઇ, દીધું અપરંપાર;
ઠાર્યાં અંતર સર્વનાં, કે'તાં ના'વે પાર ! ૧૫

આવે જે કો દાનમાં સ્વયં ન વાપરે તેહ;
ચોક્કસ રાખે કાળજી, હિસાબ જુદો એહ ! ૧૬

'વ્હાલા' કહી સંબોધતા, વ્હાલા સૌના થાય;
મીઠાં વચનો સૂણતાં, હૈયાં હળવાં થાય ! ૧૭

કવિ વિદ્વાન ભક્ત કોઇ માનાર્હ વા કોઇ;
યોગ્ય સન્માન એ કરે, ભાવ હૃદયનો દઇ ! ૧૮

ક્યાંથી આવી શક્તિ એ કારણ કૈં ન કળાય !
કાર્ય-કારણથી પર બચુ, કેવળ ફળ પરખાય ! ૧૯

ભોગીમામા સહ જતા, નારેશ્વરમાં જાણ;
ગુરુમાં ખોવાઇ ગયા, સ્વપંથ મળતો માન ! ૨૦

શાંતિ સાંનિધ્યે મળે, પ્રશ્નો ઉકલી જાય;
વારે વારે દર્શને, જાવા મન લલચાય ! ૨૧

લીંચમાં કુલ-ગોર એ, લોકમાં ઊંચું સ્થાન;
દક્ષિણાનો લોભ ના, કેન્દ્રમાં જ યજમાન ! ૨૨

સેવા કરવા જાય એ, નારેશ્વર મોઝાર;
ગુરુમન સમજીને કરે, અનુપમ સેવાધાર ! ૨૩

મુખે રટણ શ્રીરંગનું, વર્ણન તદ્‌ગુણ માન;
હૈયે તસ્વીર તેહની, ઓળખ પ્રેમની જાણ ! ૨૪

"જીવન ઘડાય જોઈને જીવન" રંગ-કથન;
જીવન એવું પ્રેમ એ ઘડતાં ધન્ય જીવન ! ૨૫

રંગના સથવારે કદી પ્રથમ વર્ગમાં જાય;
ભાડું ચૂકવે યાદ કરી, દેશખોટ ન ખમાય ! ૨૬

માતા શાંતા એમની, પિતા કૃપાશંકર;
મોટાં ભગિની સોમી ને સ્વયં પ્રેમશંકર ! ૨૭

વાતો ધ્રુવ પ્રહ્‌લાદની, મીરાં નરસીની જાણ;
પડ્યા સંસ્કાર એમ જો, ધાર્મિક મનમાં માન. ૨૮

મોટા થતાં લાગી તિહાં, લગન ભજનની જાણ;
અનુષ્ઠાન ગાયત્રીનાં, કીધાં પુરશ્ચરણ ! ૨૯

મૌન ધરી તે કાળમાં, લેતા ગાયનું દૂધ,
કરતા એવાં ત્રણ વખત, અનુષ્ઠાન સુબુદ્ધ ! ૩૦

ગુરુ રહ્યા અવારનવાર, લીંચ બાવન દિવસ;
બાવન બ્હારે પ્રેમને મૂકે પ્રેમ-પરવશ ! ૩૧

થયો આનંદ જીવને, સાર્થક થયું જીવન;
ત્યાં તો બ્રહ્મલીન થતાં ગુરુ, થયું ઉદાસ મન ! ૩૨

રંગસ્વપ્ને નીકળી ઉદાસીનતા તેહ;
સર્વાન્તર વ્યાપી રહ્યા, રંગ ગુરુવર એહ ! ૩૩

દર્શન-વંચિત રંગના, જાય પ્રેમની પાસ;
રંગ-રૂપ જુદાં ભલે, એક જૂએ ઉજાસ ! ૩૪

જાતાં પાસે એ કહે, રંગ સૌખ્ય કરનાર,
એની આશિષ મેળવો, એ જ સકળ દેનાર ! ૩૫

કોઈ જૂના ભક્તનો, આવે જો પરિવાર;
વદે: તમે તો સર્વ છો, સીધા-ફોન-હકદાર ! ૩૬

'ભગવાન એનું ભલું કરે' વદે રંગ ઘણીવાર;
એણે સૌનું ભલું કર્યું, અર્પી આશિષ-ધાર; ૩૭

એકરૂપ એ બે ગણી, ભજતા ભક્ત અનેક;
જીવન સાર્થક જો થયું, તત્ત્વ એકનું એક ! ૩૮

પોતાના કો ઉત્સવે, રંગની જ તસ્વીર;
મૂકી સર્વે પૂજતા, રંગચરણ સૌ ધીર ! ૩૯

ભજન ગવાએ રંગનાં, 'અવધૂતી આનંદ' !
જીવન જીવતાં શીખવે, આપે પરમાનંદ ! ૪૦

દક્ષિણ ગુર્જરે રંગનો પ્રવાસ ઓછો હોય;
પ્રેમે સૌને વશ કર્યાં બાકી રહ્યો ન કોય ! ૪૧

આંસુ લૂછવા એ ફર્યો બનાસકાંઠા માંહ્ય;
નેત્રયજ્ઞાદિ ઘણાં કર્યા સ્વાસ્થ્યશિબિર પણ ત્યાંય ! ૪૨

સંકટ સમે દોડી ગયા છેક કચ્છ ને ભુજ;
ઘવાએલાં માનવ સહુ તોષ્યાં આપી સૂઝ ! ૪૩

વિધવા પાળે સંતતિ, પામી સક્રિય મદદ;
પગભર થવા હુન્નરે, લભે તેવીય મદદ ! ૪૪

નારેશ્વરે કેટલાંક દાન આવતાં માન;
ગુપ્ત હાથ જો એ મહીં હોય પ્રેમનો જાણ ! ૪૫

રંગ-પ્રેર્યાં સમૂહમાં યજ્ઞોપવીત થાય;
દેશે-વિદેશે બધે, સંસ્કાર જ જળવાય ! ૪૬

પરદેશ વસે રંગજન, કરતા ફીકર એમ;
બાળક કેમ કરી ભજે, રંગ અમારી જેમ ! ૪૭

વિચાર સૂઝ્યો પ્રેમ જો આવે એ પ્રતિવર્ષ;
સંગ લાગશે રંગનો, થાશે સૌને હર્ષ ! ૪૮

ગમ્યો વિચાર સર્વને, થયાં ચક્ર ગતિમાન;
પ્રેમ સંમતિ આપતા, એને ન અભિમાન ! ૪૯

બાપજી કેરું કાર્ય એ, ગણી થયા સંમત;
બાપજીને મંજૂર જો, સહાય કરે અવધૂત ! ૫૦

દશ વર્ષ સતત એ ગયા મુદા પરદેશ;
કીધી વાતો રંગની, ટાળ્યા સૌના કલેશ. ૫૧

અંગ્રેજી જાણે નહીં, જાણે હૃદયના ભાવ;
વદતા ભાષા મૌનની નડે ન બોલ-અભાવ ! ૫૨

બાળક રંગ-પરિવારનાં ખેંચ્યાં પ્રેમે ખૂબ;
બાળકને ગમતું આચરી, વાળે ડૂબાડૂબ ! ૫૩

સમગ્ર ભજને પૂજને ભલે ન બેસે બાળ;
દત્તબાવનીના સમય પર, આવે સૌ તત્કાળ ! ૫૪

અન્ય જમે મિઠાઈ કો, પીઝા બાળ તમામ !
ભાઈ રાખે કાળજી, આનંદે સૌ આમ ! ૫૫

જે કોઈ હોય બોલકું, બોલાવે નિજ પાસ.
હોંશે હોંશે બોલતાં પીઠ પસારે ખાસ ! ૫૬

ક્યારેક ગોઠવે પિકનિક, બહાર મેદાન માંહ્ય;
બાપુજી રહે કેન્દ્રમાં, ભજન વગેરે ગવાય. ૫૭

યુવાવર્ગ રમતો રમે અન્ય સાથ, પ્રેમ પણ
હળે મળે રમે ગમે, હૈયે રંગરટણ ! ૫૮

શિકાગો ને ન્યૂજર્સી કેલિફોર્નિયા જાણ;
કેનેડાસહ અન્યમાં, પ્રેમે ફરતા માન. ૫૯

પુરુષ વિદેશી બ્હેન વા, આવે દર્શન નિત;
નાતો એવો રાખતા સૌ સાથે ધરી પ્રીત. ૬૦

પહેલાં તો ભજન થતાં કેવળ સાંભળે તેહ;
પછી તો લિપિ એમની આપતાં, બોલે એહ ! ૬૧

અંગ્રેજીમાં અર્થ સહ સમજતાં રંગ-કથન;
ભારત આવે પ્રસંગમાં, સેવે રંગચરણ ! ૬૨

રોજે રોજ ભજન ત્યાં થાય જ્યાં હોય મુકામ;
રંગદત્તાના સાંનિધ્યમાં બેસે સૌ નિષ્કામ ! ૬૩

ગાથા પ્રેમ અવધૂતની, રંગલીલા સમાન;
રોકે નિજ હાજરીમાં ગાવા તેનું ગાન ! ૬૪

દુભવે ન દિલ કોઈનું, રાજી રાખે સર્વ;
કષ્ટ ભોગવે એ સ્વયં, રાખે નવ કોં ગર્વ ! ૬૫

નિજ સેવામાં જે રહે, કરતા એની ચિંત;
ભૂલ તે જો કરે કદા, મીઠો ઠપકો દેત ! ૬૬

વિદેશનાં મોટાં કે લઘુ દેશી મંડળ માંહ્ય;
જઈને એવું બોલતા, વિરોધ-વેણ ન ક્યાંય ! ૬૭

યોગ્યનો સત્કાર કરે, ભાવસત્કાર જાણ;
વિચાર મૂકે રંગનો, વિસ્તૃત કરી સુજાણ ! ૬૮

ન્યૂજર્સી શિબિરમાં આધુનિક સગવડ માંહ્ય;
નિર્લેપ રંગે રંગના રે'તા ભાઈ ત્યાંય ! ૬૯

દરિયાકાંઠે વાસ યદા, રોજ ફરવા જાય;
નહિ તો બેઠા શાંત રહે, નિરખે ઝરુખે ત્યાંય ! ૭૦

નિધન વિદેશી-માતનું થાતાં જાય સ્મશાન;
રિવાજ લેતા ધ્યાનમાં, સ્નેહ આપી સમાન ! ૭૧

છેલ્લે જઈને જો વસે, કોઠિયાખાડ જે ગામ;
નિવાસ કરી ત્યાં નિત્યનો, ઉજળું કીધું ધામ ! ૭૨

નાનાં નાનાં ભૂલકાં, વદે ગુરુદેવ દત્ત !
વેદમંત્રો પુષ્પાંજલિ, દત્તપ્રણતિ પણ મસ્ત ! ૭૩

રોજ સાંજે ભજનમાં થઈ હાજર ગાય;
હોંશે હોંશે શીખતાં, ધર્મભાવના થાય ! ૭૪

સમૂહમાં રહેવું અને ગાવું કેમ સુજાણ;
ગ્રહણ કરી લે તૂર્ત એ જાદુ પ્રેમનો માન ! ૭૫

સમૂહ-લગ્નના વિચારને સમય પાકતાં વાર;
એ પણ પ્રેમે યોજિયાં ગ્રહી રંગવિચાર ! ૭૬

હરિજનોની દીકરી ઉપવર કન્યા માન;
સમૂહ લગ્ને વળાવતા, નિજ દીકરી સમાન ! ૭૭

નાનું સરખું ગામ પણ શુદ્ધ ભાવ છલકાય;
ભક્તો જોડાતા ઘણા, આનંદ મંગળ થાય ! ૭૮

ક્યારેક થતાં ભજન પણ સમૂહ બહુ ઉભરાય;
નવા રચાયેલ કક્ષમાં શિસ્ત સાથ ગવાય ! ૭૯

આવ્યું તેડું રંગનું થયા ભાઇ તૈયાર;
કોઇને પણ કહ્યા વિના થયા લીન રંગ માંહ્ય ! ૮૦

સેવાર્થી સાથે હતા સઘળું કરે સૂચિત;
ઘરનાં સ્વજન વિણ કરો કોને ન જાણ ખચિત ! ૮૧

અગ્નિદાહ થયા પછી જ સઘળે કરવી જાણ !
દંડ પાદુકા બાળવાં ચિતા મહીં જ સુજાણ !! ૮૨

અસ્થિ પણ પધરાવવાં મહિસાગર બિનચૂક !
મંદિર સ્મારક કરો નહિ માફ કરી ભૂલચૂક !! ૮૩

જેમ સર્વાન્તરમાં નિત રહે ત્યાગી રંગ શરીર;
તેમજ વ્યાપી પ્રેમ રહ્યા શંકા ન ત્યાં લગીર ! ૮૪

(શાર્દુલ)

ભંડારો કરતા જ સંતગમને એકત્ર થૈ સાધુ સૌ,
ચોર્યાસી દ્વિજની કરે જમણથી કાર્યો સ્મરી ભક્ત સૌ;
એવી રીત જ દોહરા કલમથી અર્પ્યા સ્વભાઈ સ્મરી,
રાજી હો ગુરુ રંગરાજચરણો પ્રાર્થે નમીને **હરિ** !! ૮૫

ૐ ગુરુ રંગા, શ્રી ગુરુ રંગા
રુકમાઈનંદન ૐ ૐ
રુકમાઈનંદન ૐ ૐ



# બાવનથી ન્યારો !!

અનુપમ હીરલો પાયો, બાબા ! અનુપમ હીરલો પાયો;
એક અનામી અંતરજામી વણદીઠે ભટકાયો !!- બાબા૦ ૧

રાતે ચમકે દહાડે ચમકે, ચમકે જુગજુગ ન્યારો;
સૂરજ ચાંદો એથી ઝગઝગે, અસલી એક ઝગારો !- બાબા૦ ૨

જપતપ-તીરથ જોગ જુગતથી એ છે સાવ નિરાળો;
નેતિ નેતિ કહી નિગમ ઓચરે, **બાવનથી ન્યારો** !!- બાબા૦ ૩

સર્વશેષ અશેષ આતમ, ચેતન હીર છબીલો;
ચારથી પાર નિહાળો મૂગે, મોહન એ રઢિયાળો !!- બાબા૦ ૪

હું-તું-તે-માં બોલણહારો, વાણી મૂળ હુંકારો;
જ્યાં ત્યાં સઘળે એહજ સળગે દેખ **રંગ** મતવાલો !!- બાબા૦ ૫

– રંગ અવધૂત

## રંગ સરન તેરો હિ ચરન

દત્તાજી ! મૈં તો તેરો હિ એક ગુલામ. -ધ્રુ૦
ઔર ન જાનું ઔર ન માનું,
તેરો હિ ગાવત નામ ! -દત્તાજી૦ ૧
કાસી મથુરા કાયકો દૌરૂં;
તેરો હિ પદ પર ધામ ! -દત્તાજી૦ ૨
રાખે તૂ વૈસો હિ રહું મૈં,
ઔર નહિ ઉર કામ ! -દત્તાજી૦ ૩
રંગ સરન તેરો હિ ચરન હૈ,
ઔર ન ઠેરન ઠામ ! -દત્તાજી૦ ૪

- રંગ અવધૂત

આવૃત્તિ- ૧લી] વિ.સં. ૨૦૬૮ [પ્રત- ૫૦૦૦
આદ્યશંકરાચાર્યજી જયંતી
મૂલ્ય- ₹ ૩-૦૦

-: મુદ્રક :-
શ્રી નારાયણ મુદ્રણાલય
નારેશ્વર.પો. સાયર,
વાયા. અંકલેશ્વર-૩૯૩૧૦૭